 **ફોજદારી કેસ નં. ૪૪૫/૨૦૧૫**

**CC NO. 445/2015**
**Exhibit No.123**

**(નમુનો :– અ)**

| **જામજોધપુરના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.જામજોધપુર, જી.જામનગર** | | |
|---|---|---|
| **ચુકાદાની તારીખ** | : | ૩૦/૦૪/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | : | ૪૪૫/૨૦૧૫ |
| **પોલીસ સ્ટેશન/**<br>**એફ.આઈ.આર. નંબર** | :<br>: | જામજોધપુર પો.સ્ટે.<br>ગુ.ર.નં. : I ૨૪/૨૦૧૫ |
| **ગુનો** | : | ઈ.પી.કો.કલમ–૧૦૭, ૧૨૦બી મુજબ. |

| | | | |
|---|---|---|---|
| **ફરીયાદી** | : | સરકાર શ્રી,<br>(મુળ ફરીયાદી : દેવાભાઈ ભીમાભાઈ પરમાર ) | |
| **વિધ્વાન એ.પી.પી.શ્રી** | : | એસ.યુ.બાબી | |
| **આરોપી** | : | **(૧)** | **વિન્જો ઉર્ફે વિજયભાઈ રામદેભાઈ મોઢવાડીયા**<br>ઉ.વ.૨૭, ધંધો–ખેતીકામ,<br>રહે. આદીત્યાણા ગામ, તા.રાણાવાવ, જી.પોરબંદર |
| | | **(૨)** | **ભરત જીવાભાઈ ઓડેદરા**<br>ઉ.વ.૪૨, ધંધો–ખેતીકામ,<br>રહે. ઈશ્વરીયા ગામ, તા. કલ્યાણપુર, જી.દેવભુમી દવારકા. |
| | | **(૩)** | **રમેશભાઈ આલાભાઈ કારાવદરા**<br>ઉ.વ.૫૦, ધંધો–ખેતીકામ,<br>રહે. સોઢાણા ગામ, તા.જી.પોરબંદર |
| **આરોપીના વિ.વકીલ શ્રી** | : | | આરોપી નં–ર તરફે વ.શ્રી એ.કે.બગડા, એમ.એ.જુણેજા<br>આરોપી નં–૧ તથા ૩ તરફે આંક–૧ લગત હુકમ |

| | | | |
|---|---|---|---|
| | | | કરી સી.આર.પી.સી કલમ–૨૯૯ મુજબ પુરાવો નોંધવામાં આવેલ છે. |

**(નમુનો :– બ)**

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | : | ૧૧/૦૬/૨૦૧૫ |
| **ફરીયાદની તારીખ** | : | ૨૦/૦૬/૨૦૧૫ |
| **ચાર્જશીટની તારીખ** | : | ૩૦/૦૯/૨૦૧૫ |
| **તહોમતનામુ /પ્લીની તારીખ** | : | ૧૬/૦૧/૨૦૨૩ ( આરોપી નં–૨ પુરતુ ) |
| **પુરાવો શરુ થયાની તારીખ** | : | ૩૦/૧૦/૨૦૨૫ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | : | ૨૩/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | : | ૩૦/૦૪/૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | : | –– |

**: આરોપીની વિગત :**

| **નં.** | **આરોપીનુ નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર છોડયા તારીખ** | **ગુનો** | **તકસીર વાન/ નિર્દોષ** | **સજા** | **Crpc: 428 માટે કસ્ટડી માં રહેલ સમય** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **વિન્જો ઉર્ફે વિજયભાઇ રામદેભાઇ મોઢવાડીયા** | – | ૦૫–૧૦–૧૫ | ઇ.પી.કો. કલમ–૧૦૭, ૧૨૦બી મુજબ. | નિર્દોષ | – | – |
| ૨ | **ભરત જીવાભાઇ ઓડેદરા** | – | ૦૫–૧૦–૧૫ | ઇ.પી.કો. કલમ–૧૦૭, ૧૨૦બી મુજબ. | નિર્દોષ | – | – |
| ૩ | **રમેશભાઇ આલાભાઇ કારાવદરા** | – | ૦૫–૧૦–૧૫ | ઇ.પી.કો. કલમ–૧૦૭,૧૨૦બીમુજબ | નિર્દોષ | – | – |

**(નમુનો :–ક)**

**ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનુ લીસ્ટ**

**(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :**

| અનુ નં | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૯૨ | રણમલભાઇ ભીમાભાઇ પરમાર | સાહેદ |
| ૨. | ૯૪ | દેવાભાઇ ભીમાભાઇ પરમાર | ફરીયાદી |
| ૩. | ૯૭ | બાલુભાઇ રામાભાઇ ઓડેદરા | સાહેદ |
| ૪. | ૧૦૮ | લાભુભાઇ ચતુરભાઇ જેસડીયા | ત.ક.અ. |
| ૫. | ૧૧૨ | ચેતનકુમાર જમનભાઇ અગ્રાવત | પંચ સાહેદ |
| ૬. | ૧૧૭ | પ્રવિણભાઇ વીરાભાઇ વાઢેર | પંચ સાહેદ |
| ૭. | ૧૧૮ | રવિકુમાર સુરેશભાઇ કાલરીયા | પંચ સાહેદ |
| ૮. | ૧૧૯ | રાજુભાઇ બાબુભાઇ ચૌહાણ | પંચ સાહેદ |

**ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :**

**(બી) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :**

| નં | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૯૫ | ફરીયાદ |
| ૨ | ૧૦૯ | મુદામાલ રીકવરી પંચનામું |
| ૩ | ૧૧૦ | મુદામાલ રીકવરી પંચનામું |
| ૪ | ૧૧૧ | મુદામાલ રીકવરી પંચનામું |

**: : ઠ રા વ : :**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૧/૦૬/૨૦૧૫ ના રોજ ૧૩:૦૦ વાગ્યા આસપાસ પરડવા ગામે આ કામના આરોપીઓએ આ કામના ફરીયાદીને જાનથી મારી નાખવાનું કાવતરૂ રચી તે અંગેનું વોટસએપનું વોઇસ રેકોર્ડીંગ બનાવી આ કામના સાહેદ રણમલભાઇને મોબાઇલ ઉપર સેન્ડ કરી તપાસ દરમીયાન પુરતા પુરાવા સાથે પકડાઇ જઇ ઇ.પી.કો. કલમ–૧૦૭, ૧૨૦બી મુજબનો ગુનો કરેલ છે.

જેથી આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ હાલના કામના આરોપીઓ વિરૂધ્ધ જામજોધપુર પોલીસ સ્ટેશનમાં ઉપરોકત કલમ મુજબનો ગુન્હા રજી. નં.૨૪/૨૦૧૫ થી નોંધવામાં આવેલ.

(૨) ત્યારબાદ સદર ગુનાના કામે પોલીસ તપાસ પુરી થતા ત.ક.અશ્રીએ આરોપીઓ વિરુધ્ધ સી.આર.પી.સી કલમ–૧૭૩ મુજબ ઈ.પી.કો. કલમ–૧૦૭, ૧૨૦બી મુજબના ગુનાના તહોમતનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે. જે ઉપરોકત ફોજદારી કેસ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓને અત્રેની કોર્ટ ધ્વારા સમન્સ કરતા આરોપી નં.ર અત્રેની કોર્ટમાં હાજર થતા તેઓને ક્રી.પ્રો.કો.કલમ–૨૦૭ ની જોગવાઈ મુજબ પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કર્યા આરોપી નં –૨ તરફે સદર કામે બીન–તહોમત મુકત કરવા આંક–૭ થી અરજી કરતા જે લગત હુકમ કરી ના–મંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ મારા પુરોગામી શ્રી દવારા આરોપી નં.ર વિરૂધ્ધ આંક–૬૫ થી તહોમતનામું ફરમાવી અને આરોપી નં. ૨ ની આંક–૬૬ થી પ્લી લેતા ગુનાનો ઈન્કાર કરેલ. તેમજ આરોપી નં.૧ તથા ૩ નાઓને વારંવાર સમન્સ વોરંટ કાઢવા છતા મળી આવેલ ન હોય જેથી આ કામે મારા પુરોગામીશ્રી દવારા આંક–૧ લગત તા. ૧૬/૦૧/૨૦૨૩ ના રોજ હુકમ કરી આરોપી નં–૧ અને ૩ ની ગેરહાજરીમાં સી.આર.પી.સી કલમ–૨૯૯ અન્વયે પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) **ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવો :** ઉપર નમુના '**ક**' માં જણાવેલ છે, તેથી તેની પુન:ઉકિત કરેલી નથી.

(૪) સદર કામે ફરીયાદ પક્ષ તરફથી વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવો આપવો નથી તેવુ મૌખિક રીતે જાહેર કરતાં, ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આ કામના આરોપી નં.ર નું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં

ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવા અન્વયેના પ્રશ્નો પુછતા તેનો જવાબ આરોપીઓએ નકારમાં આપેલ છે અને એવી હકીકત જણાવેલ છે કે, ખોટો કેસ કરેલ છે અને તેઓ તદન નિર્દોષ છે વધુમાં તેઓને સોગંદ પર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી, જયારે આરોપી નં-૧ અને ૩ ની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો આંક-૧ લગત હુકમ થયેલ હોય તેઓનુ વિશેષ નીવેદન આ કામે નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યાર બાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.યુ.બાબી નાઓની તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી એમ.એ.જુણેજા નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

(અ) સરકાર પક્ષે એ.પી.પી.શ્રી દવારા તેઓની દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોએ ફરીયાદની હકીકતને અનુરુપ પુરાવા આપેલ. આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાખવાનું કાવતરુ કરેલાનું રેકર્ડ પર આવેલ છે. આરોપીપક્ષે ફરીયાદપક્ષના પડેલ પુરાવાની હકીકતોનું ખંડન કરતા કોઈ પુરાવો રજુ રાખેલ નથી. ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંક પણે પુરવાર કરેલ હોય આરોપીઓને તેઓની સામેના આક્ષેપિત ગુનામાં સમાજમાં દાખલો બેસે તેવી સજા તથા દંડ કરવા અરજ કરેલ છે.

(બ) આરોપીપક્ષે તેના વકીલશ્રી દવારા દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા હાલના આરોપીઓએ ગુનાહીત કાવતરુ રચેલ હોય તેવુ શંકારહીત પુરવાર થતુ નથી કે, આરોપીઓએ ગુનાહીત દુષપ્રેરણ કરેલ હોય તેવુ પણ શંકા થી પર પુરાવર થતુ નથી. પડેલ પુરાવાથી આરોપી સામેનુ તહોમત ફરીયાદ પક્ષ ની:શંક પણે પુરાવાર કરી શકેલ નથી. ફરીયાદ પક્ષે આકં-૯૨ થી તપાસવામાં આવેલ મહત્વના સાહેદે લેશમાત્ર પુરાવો આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે.

ફરીયાદ પક્ષ દવારા ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય અને કાવતરુ રચેલ હોય તે બાબતે કોઈ વોઈસ રેર્કોડીંગ કે અન્ય કોઈ ડીવાઈસ પુરાવા અધીનીમયની જોગવાઈ મુજબ રજુ રાખેલ નથી જેથી ફરીયાદ પક્ષ પોતાનો કેસ ની:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય આરોપી ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા તથા બન્ને પક્ષકારો તરફે રજુ થયેલ દલીલો ધ્યાનમાં લેતાં મારાં ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>૧</u> શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એવી હકીકતો પુરવાર કરે છે કે, તા.૧૧/૦૬/૨૦૧૫ ના રોજ ૧૩:૦૦ વાગ્યા આસપાસ પરડવા ગામે આ કામના આરોપીઓએ આ કામના ફરીયાદીને જાનથી મારી નાખવાનું કાવતરૂ રચી તે અંગેનું વોટસએપનું વોઇસ રેકોર્ડીંગ બનાવી આ કામના સાહેદ રણમલભાઈને મોબાઇલ ઉપર સેન્ડ કરી તપાસ દરમીયાન પુરતા પુરાવા સાથે પકડાઇ જઇ ઇ.પી.કો. કલમ-૧૦૭, ૧૨૦બી મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે?

<u>૨</u> શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક **તારણો** નીચે મુજબ છે.

<u>૧</u> નકારમાં.

<u>૨.</u> આખરી હુકમ મુજબ.

**<u>: : કા ર ણો : :</u>**

(૮) **<u>મુદ્દા નં. ૧ અને ૨:-</u>**

આ કામે આરોપીઓ સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુળભુત સિદ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામે ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું માનવુ જોઈએ અને ફરીયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષના સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબીત કરવું જોઈએ. આ કામે જ્યારે આરોપીઓ સામે ઇ.પી.કો. કલમ–૧૦૭, ૧૨૦બી મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે આરોપીનો ગુન્હો સાબીત કરવા માટે નીચે મુજબના તત્ત્વો સાબીત કરવા જોઈએ.

**કલમ–૧૦૭ ના તત્વો**

૧. જો કોઈ વ્યકિતને કોઈ કૃત્ય કરવા માટે પ્રેરીત કરવી, ઉશ્કેરવી કે પ્રોત્સાહન આપવું.

૨. એક અથવા વધુ વ્યકિતઓ સાથે મળિને ગુનો કરવાનું કાવતરુ રચવું, અને તે કાવતરાના અનુસંધાનમાં કોઈ કૃત્ય કે ગેરકાયદેસર લોપ થવો.

૩. ઈરાદાપુર્વક કોઈ કૃત્ય અથવા ગેરકાયદેસર લોપ દ્વારા ગુનો કરવામાં મદદ કરવી.

**કલમ–૧૨૦બી ના તત્વો**

૧. કાવતરું ઘડવા માટે ઓછામાં ઓછી બે વ્યકિતઓની જરૂર પડે છે.

૨. ગેરકાયદેસર કાર્ય કરવા માટેનું સંમત થવું

૩. કાયદેસરનું કાર્ય અથવા ગેરકાયદેસર માધ્યમો દ્વારા કરવા માટે સંમત થવું.

૪. કાવતરામાં સામેલ પક્ષકારો વચ્ચે ગુનો કરવાની સહમતી અથવા નિશ્ચિત યોજના હોવી જોઈએ.

ફરીયાદપક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબીત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

બન્ને પક્ષ તરફેની દલીલો તેમજ ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર રજુ કરેલ પુરાવાઓનુ તુલનાત્મક મુલ્યાંકન કરતાં રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોઇએ તો,

**ફરીયાદપક્ષનો પુરાવો**

**૮.૧** સદર કામે હાલના ફરીયાદપક્ષે સાહેદ રણમલભાઇ ભીમાભાઇ પરમારને આંક–૯૨ થી તપાસવામાં આવેલ છે તેઓની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ બનાવ આશરે દસેક વર્ષ બનેલ હતો. આ બનાવને ઘણો સમય થઇ ગયેલ હોય જેથી મને બનાવની હકીકત ખબર નથી પરંતુ મારા મોટાભાઈ દેવાભાઈ ને કોઇ એ કાંઇક કહેલ હતું પરંતુ શું કહેલ અને કોને કહેલ તે હાલ મને યાદ નથી. પોલિસે મારી પુછપરછ કરેલ. હું આરોપીને માત્ર નામથી ઓળખતો હતો. જોયેથી ઓળખી શકું નહી.

સદરહુ સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદે એવી હકીકત કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે ભનુભાઈ ભીમાભાઈ પરમાર મારા નાના ભાઈ થાય છે. એ વાતની મને ખબર નથી કે મારા ભાઇ પર સર્વે નંબર ૨૭૮ ની બોગસ દસ્તાવેજ ની ફરીયાદ થયેલ હતી કે કેમ. એ વાત ખરી નથી કે ફરીયાદી દેવાભાઈ ભીમાભાઈ ઉપર ઘણા બધા કેસો થયેલા છે.

૮.૨ સદર કામે હાલના ફરીયાદપક્ષે ફરીયાદી દેવાભાઇ ભીમાભાઇ પરમારને આંક–૯૪ થી તપાસવામાં આવેલ છે તેઓની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, મને બનાવની તારીખ હાલ યાદ નથી. પરંતુ આ બનાવ આશરે દસેક વર્ષ પહેલા બનેલ હતો. બનાવ સમયે હું જામજોધપુર તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે હતો. સર્વે નંબર ૨૭૮ વાળી પરડવા ગામે આવેલ વીડીની જમીન ના ઘણા બધા માલિકો હતા. આ જમીન બાબતે તાલુકા પંચાયતના પ્રમુખ હોવાના નાતે આ પ્રશ્ન સંકલન સમિતિમાં વારંવાર ઉઠાવેલ હતા. આ જમીન હડપવાનો ઈરાદો ભરતભાઇ જીવાભાઇ તેમજ વીર કંપની તેમને ષડયંત્ર કરેલ. આ બાબતે સંકલનમાં મે પ્રશ્ન ઉઠાવેલ અને ત્યારબાદ મને મારા મોબાઇલમાં બે સિમકાર્ડ હોય જેમાં એક સિમકાર્ડમાં મને ફોન આવેલ જે ફોનના નંબર મને હાલ યાદ નથી જે સિમના નંબર મને યાદ

નથી. મને વિંજા રામદે નો ફોન આવેલ અને તેમને મને ફોનમાંજણાવેલ કે હવે આ બાબતે એટલે કે જમીન બાબતે સંકલનમાં પ્રશ્ન કરતા નહી કે વાતચીત કરતા નહી. જેથી આ બાબતની ભરત જીવાને સોપારી આપેલ હતી. આ વિવાદ બાબતે ભરત જીવા અને બીજો વિંજા રામદે મોઢવાડીયા જેણે આ બાબતે કાવતરૂ કરેલ હતું જેની ફરીયાદ મે આપેલ. જે ફરીયાદ તેઓને બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ આંક-૯૫ થી રજુ છે.

સદરહુ ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદે એવી હકીકત કબુલ રાખેલ છે કે, એ વાત ખરી નથી કે મે ફરીયાદમાં શું લખાવેલ તે મને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે મે પ્રમુખ હોવા બાબતે કોઇ આધાર પુરાવો પોલિસ ને આપેલ નથી.સાહેદ જણાવે છે કે પ્રમુખ તરીકે બધા ઓળખતા હતા. એ વાતની મને ખબર નથી કે સેતા મુસ્લિમ લોકોએ ભરતભાઇ સામે કોઇ ફરીયાદ દાખલ કરેલ છે કે કેમ. એ વાત ખરી છે કે મામલતદાર કચેરીમાં કોઇ લોકો આવ જા કરે તો તેમા મને કોઇ વાંધો તકરાર ન હોય. એ વાત ખરી છે કે ભનુભાઇ ભીમાભાઇ પરમાર મારા ભાઇ થાય છે. એ વાત ખરી છે કે પરડવા ગામના સર્વે નંબર ૨૭૮ પૈકી ૩૪ અને ૪૨ અન્વયે મારા ભાઇ ઉપર ફરિયાદ થયેલ. સાહેદ જણાવે છે કે તેમા સી સમરી ભરાયેલ છે. મારાભાઇ રણમલભાઇ ના મોબાઇલ નંબર હાલ મને યાદ નથી. એ વાત ખરી નથી કે મારી સામે નામ.હાઇકોર્ટમાં બોગસ ખાતેદાર છે તેવી પિટીશન ફાઇલ થયેલ અને કલેકટર માં પણ અરજી થયેલ. મારા પર સેશન્સ કોર્ટમાં એક કેસ દાખલ થયેલ હતો. સાહેદ જણાવે છે કે તે કેસ પુરો થઇ ગયેલ છે. આ સિવાય મારા પર બીજા કોઇ ગુનાઓ નોંધાયેલ નથી. એ વાત ખરી નથી કે મારા રૂબરૂ મારા ફોન માં ધમકી આવેલ હોય તેવું મે મારી ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે ફોજદારી કેસ નં. ૨૦૦/૨૦૧૫ ના કામે મે જુબાની આપેલ તેમાં મે હોસ્ટાઇલ જુબાની આપેલ. કેશવ રામાભાઇ મારા કુટુંબી ભાઇ થાય છે. એ વાતની મને ખબર નથી કે કેશવ રામાએ વીડીના દસ્તાવેજ કરાવેલ છે કે કેમ. એ વાતની મને ખબર નથી કે મારાભાઇ રણમલભાઇ ઉપસરપંચ હતા ત્યારે પરડવા ગામની વીડીની જમીન બાબતે પી.આઇ.એલ કરેલ તે નામ.હાઇકોર્ટે એ કાઢી નાખેલ

કે કેમ. એ વાત ખરી નથી કે સેતા દરબારોએ મારી સમક્ષ ફરીયાદ કરેલ ન હતી. સાહેદ જણાવે છે કે મૌખિક ફરીયાદ કરેલ. એ વાતની મને ખબર નથી કે સને ૨૦૦૭ માં સેતા દરબારો જામજોધપુર કોર્ટમાં પરડવાની વીડીની જમીન બાબતે કરેલ દાવાઓ હારી ગયેલા કે કેમ. એ વાત ખરી છે કે હું કોમ્પ્યુટર નો જાણકાર નથી. એ વાત ખરી છે કે હું બ્લુટુથ, મેમરીકાર્ડ નો જાણકાર નથી. મે ફરીયાદ કરતી વખતે મારા નાનાભાઇ રણમલભાઇનો ફોન આપેલ હતો. એ વાત ખરી છે કે ભરતભાઇ જીવાભાઇ ઓડેદરા મારી મેર ગ્નાતિના હોય જેથી ઓળખું છું. એ વાત ખરી નથી કે ભરતભાઇ જીવાભાઇ ઓડેદરા રાજકીય રીતે અમારા સમાજમાં મોટુ નામ હોય તેમને નુકશાન પહોંચાડવા હાલની ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

૮.૩ સદર કામે હાલના ફરીયાદપક્ષે સાહેદ બાલુભાઇ રામાભાઇ ઓડેદરાને આંક–૯૭ થી તપાસવામાં આવેલ છે તેઓની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના આરોપી મારા ગામની બાજુમાં રહેતા હોય જેથી તેને ઓળખું છું. હું જામજોધપુર તાલુકાના પ્રમુખ દેવાભાઇ ભીમાભાઇ પરમાર ને ઓળખતો નથી. તેના મોબાઇલમાં કોઇ વોટસઅપ કિલપ આવેલ હોય અને મને વાંચી સંભળાવેલ હોય તેવું બનેલ નથી. મને વિંઝા રામદે નો ફોન આવેલ નહી. હું બનાવ સબંધે કાંઇ જાણતો નથી.

સદરહુ સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદે એવી હકીકત કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ સબંધે હું કાંઈ જાણતો નથી. એ વાત ખરી છે કે હું આરોપી તથા ફરીયાદીને ઓળખતો નથી.

૮.૪ સદર કામે હાલના ફરીયાદપક્ષે ત.ક.અ. લાભુભાઇ ચતુરભાઇ જેસડીયાને આંક–૧૦૮ થી તપાસવામાં આવેલ છે તેઓની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું સને ૨૦૧૫ની સાલમાં જામજોધપુર પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતો હોય દરમ્યાન તા.૨૦/૦૬/૨૦૧૫ ના ફરીયાદી દેવાભાઇ ભીમાભાઇ પરમારનાઓએ ઇ.પી.કો કલમ–૧૦૭,૧૨૦(બી), વીગેરેની ફરીયાદ આપેલ જેના ફસ્ટ ગુ.ર.નં–૨૪/૧૫ આ ફરીયાદ પી.એસ.ઓ શ્રી એન.એસ.મોખરાનાઓએ રજીસ્ટરે કરેલી ત્યાર બાદ આ કામના તપાસ અમોને સોંપાતા અમોએ

લાગતા વળગતા સાહેદોના નીવદનો લીધેલા તેમજ પંચો રૂબરુ પંચનામા કરેલ તેમજ આરોપીની અટક કરી મુદામાલ કબ્જે કરી ત્યારબાદ સારવાર સર્ટી મેળવી પુરતો પુરાવો જણાઇ આવતા નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તેઓને આંક–૨ વાળી મુદામાલ પાવતી બતાવતા તેમાં પોતાની સહી તથા પોલીસ સ્ટેશનનો સીકકો ઓળખી બતાવેલ છે. તેઓને આંક–૯૫ વાળિ ફરીયાદ બતાવવામાં આવે છે. જેમા રૂબરુ તરીકે પોતાની તેમજ ફરીયાદીની સહી ઓળખી બતાવેલ છે. તેઓને રેકર્ડ માંથી મુદામાલ કબ્જે કર્યાનુ પંચનામુ બતાવતા તેમાં રૂબરુ તરીકે પોતાની તથા બે પંચોની સહી ઓળખી બતાવેલ છે. જે આંક–૧૦૯ થી રજુ છે. તેઓને રેકર્ડ માંથી મુદામાલ કબ્જે કર્યાનુ પંચનામુ બતાવતા તેમાં રૂબરુ તરીકે પોતાની તથા બે પંચોની સહી ઓળખી બતાવેલ છે. જે આંક–૧૧૦ થી રજુ છે. તેઓને રેકર્ડ માંથી મુદામાલ કબ્જે કર્યાનુ પંચનામુ બતાવતા તેમાં રૂબરુ તરીકે પોતાની તથા બે પંચોની સહી ઓળખી બતાવેલ છે. જે આંક–૧૧૧ થી રજુ છે.

સદરહુ ત.ક.અ.ની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદે એવી હકીકત કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, ફરીયાદ નવ દીવસ મોડી આપવામાં આવેલ. એ વાત ખરી છે કે, આ ફરીયાદ શા કારણોસર મોડી આપવામા આવેલ તેન ખુલાસો ફરીયાદ કે તપાસમા ખુલેલ નથી. એ વાત ખરી છે કે, આ કામના ફરીયાદી તાલુકા પંચાયતના પ્રમુખ છે તે બાબતે મે કોઇ દસ્તાવેજી પુરાવા તપાસના કામે કબ્જે લીધેલ નથી. એ વાત ખરી છે કે, પરડવા ગામની સર્વે નં–૨૭૮ પૈકી વાળિ જમીન બાબતે ફરીયાદી પાસે અરજીઓ આવેલ તે અરજીઓ મે તપાસના કામે કબ્જે લીધેલ નથી કે ફરીયાદી દવારા તપાસના કામે આપવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, મે મુદામાલ તરીકે જે મોબાઇલ કબ્જે કરેલા તેના બીલ મારી તપાસ દરમ્યાન કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે, મોબાઇલ ના બીલ રજુ થયેલ ન હોય તો ચોકકસ મોબાઇલના માલીક કોણ છે તે કહી શકાય નહી. એ વાત ખરી છે કે,મો.નં–૯૬૩૮૦ ૨૭૯૧૯ તથા ૯૯૭૪૩ ૨૯૦૧૯ તથા ૭૪૦૫૫ ૩૫૨૫૫ અન્વ્યે મારી તપાસ દરમ્યાન આ મોબાઇલ નંબરના સીમકાર્ડ કંપનીના અધીકારીનુ નીવેદન તથા ઉપરોકત નંબરના કોલડીટેલ તપાસના કામે કબ્જે કરેલ નથી.

૮.૨ આ કામે ફરિયાદપક્ષે પંચ સાહેદ ચેતનકુમાર જમનકુમાર અગ્રાવતને આંક–૧૧૨ થી તથા આંક–૧૧૮ થી પંચ સાહેદ રવીકુમાર સુરેશભાઈ કાલરીયાને તપાસતા તેઓએ એક લખેલ કાગળમાં પોલીસે સહી કરવાનું કહેતા સહી કરી આપેલ હોવાનું જણાવી આંક–૧૦૯ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જેથી પંચ સાહેદોએ પંચનામાની હકીકતનો પુરાવો રજુ ન રાખતા તેઓને વિમુખ થયેલા જાહેર કરવા છતાં આંક–૧૦૯ થી રજુ પંચનામાની હકીકતોને કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી. જેથી સદર પંચ સાહેદોના પુરાવાથી આંક –૧૦૯ વાળાપંચનામાને સમર્થન પ્રાપ્ત થતું નથી.

૮.૩ આ કામે ફરિયાદ પક્ષે પંચ સાહેદ પ્રવીણભાઈ વીરાભાઈ વાઢેરને આંક–૧૧૭ થી તપાસતા તપાસતા તેઓએ એક લખેલ કાગળમાં પોલીસે સહી કરવાનું કહેતા સહી કરી આપેલ હોવાનું જણાવી આંક–૧૧૧ થી રજુ

પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જેથી પંચ સાહેદે પંચનામાની હકીકતનો પુરાવો રજુ ન રાખતા તેઓને વિમુખ થયેલા જાહેર કરવા છતાં આંક–૧૧૧ થી રજુ પંચનામાની હકીકતોને કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી. જેથી સદર પંચ સાહેદોના પુરાવાથી આંક –૧૧૧ વાળાપંચનામાને સમર્થન પ્રાપ્ત થતું નથી.

૮.૪ આ કામે ફરિયાદ પક્ષે પંચ સાહેદ રાજુભાઈ બાબુભાઈ ચૌહાણને આંક–૧૧૯ થી તપાસતા તેઓએ એક લખેલ કાગળમાં પોલીસે સહી કરવાનું કહેતા સહી કરી આપેલ હોવાનું જણાવી આંક–૧૧૦ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જેથી પંચ સાહેદે પંચનામાની હકીકતનો પુરાવો રજુ ન રાખતા તેઓને વિમુખ થયેલા જાહેર કરવા છતાં આંક–૧૧૦ થી રજુ પંચનામાની હકીકતોને કોઈ સમર્થનકારી

પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી. જેથી સદર પંચ સાહેદોના પુરાવાથી આંક –૧૧૦ વાળા પંચનામાને સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે ફરીયાદ પક્ષના અન્ય સાહેદ રાજુ રણમલ ખુટીનાઓને સમન્સ કરતા તેઓ વીદેશમા હોય તેવા શેરા તથા નીવેદન સાથે સમન્સ પરત ફરતા તેઓને આ કામે તપાસી શકાયેલ નથી. તથા પંચ સાહેદ રમેશ કેશુ કંબોયાને સમન્સ કરતા કામ અર્થે બહાર ગયેલ હોવાના શેરા સાથે સમન્સ્ પરત ફરેલ છે. જયારે પંચ સાહેદ કાલીદાસ મકનજી જોષીને સમન્સ કરતા તેઓ મરણ પામેલ હોવાના શેરા સાથે સમન્સ પરત ફરેલ છે. જેથી તેઓને આ કામે તપાસી શકાયેલ નથી.

**૯. ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન**

આ કામે ફરીયાદ પક્ષે પડેલ પુરાવનુ સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો આંક–૯૪ થી તપાસવામાં આવેલ ફરીયાદી પોતાના પુરાવામાં જણાવે છે કે, બનાવ સમયે જામજોધપુર તાલુકા પંચાયત ના પ્રમુખ તરીકે હતો ત્યારે રે.સ.નં–૨૭૮ વાળિ પરડવા ગામે આવેલ વીડીની જમીનના ઘણા બધા માલીકો હતા અને આ જમીન બાબતે તાલુકા પંચાયતના પ્રમુખ હોવાના નાતે આ પ્રશ્ન સંકલન સમીતીમાં વારંવાર ઉઠાવેલ હતા અને આ જમીન હડપવાનો ઈરાદો ભરતભાઇ જીવાભાઈ તેમજ વીર કંપનીએ ષડયંત્ર કરેલ તે બાબતે સંકલનમા પ્રશ્ન ઉઠાવતા મારા મોબાઈલમાં બે સીમ હોય તેમા એક સીમ કાર્ડ પર મને ફોન આવેલ જે સીમના નંબર મને યાદ નથી. અને મને વીંજા રામદેનો ફોન આવેલ અને તેમણે મને જણાવેલ કે, હવે આ બાબતે એટલે કે જમીન બાબતે સંકલનમા પ્રશ્ન કરતા નહી કે વાતચીત કરતા નહી આ બાબતની ભરત જીવાને સોપારી આપેલ હતી. આ વીવાદ બાબતે ભરત જીવા અને બીજો વીંજા રામદે મોઢવાડીયાએ કાવતરુ કરેલ હતુ તેની મે ફરીયાદ આપેલ હતી તેમ જણાવી આંક–૯૫ થી રજુ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે અને આરોપી ને ઓળખતા હોવાનુ પોતાના પુરાવામાં જણાવેલ છે. આમ આ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા પરડવા ગામે આવેલ રે.સ.નં–૨૭૮ વાળિ જમીન બાબતે તાલુકા પંચાયતના પ્રમુખના નાતે સંકલન સમીતીમાં પ્રશ્ન ઉઠાવતા હતા અને આરોપી ભરતભાઇ જીવાભાઈ ને તેમજ વીર કંપનીનો જમીન હડપવાનો ઈરાદો હોય ષડયંત્ર કરેલ હોવાનુ

જણાવેલ છે. ત્યારે આ સંદર્ભમાં રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદના જણાવ્યા મુજબ પરડવા ગામની જમીન બાબતે સંકલન સમીતીમાં પશ્ન ઉઠાવેલ હોય તે હકીકતને સર્મથન કરતા ફરીયાદીના મોઢાના પુરાવા સીવાય અન્ય કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી, તેમજ સદર જમીન હડપવાનો ઈરાદો આરોપીઓ ધરાવતા હતા તે અન્વયે પણ મોઢાના પુરાવા સીવાય અન્ય કોઈ પુરાવો પણ ફરીયાદીએ રજુ રાખેલ નથી. હવે ફરીયાદીની ઉલટ તપાસનો પુરાવો ધ્યાને લેતા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ભનુભાઈ ભીમાભાઈ પરમાર તેઓના ભાઈ થાય છે. અને પરડવા ગામના રે.સ.નં–૨૭૮ પૈકી ૩૪ અને ૪૨ અન્વયે મારા ભાઈ ઉપર ફરીયાદ થયેલ વિશેષમાં તેઓના ભાઈ રણમલભાઈના મોબાઈલ નંબર યાદ ન હોવાનું જણાવેલ છે. તેમજ કેશવ રામા તેમના ભાઈ થતા હોવાનું અને કેશવ રામાએ વીડીના દસ્તાવેજ કરાવેલ કે કેમ તેની ખબર ન હોવાનું વિશેષમાં સેતા દરબારોએ તેમની સમક્ષ મૌખીક ફરીયાદ કરેલાનું તેમજ કોમ્પ્યુટરના જાણકાર ન હોવાનું અને ફરીયાદ કરતી વખતે તેમના નાના ભાઈ રણમલભાઈનો ફોન આપેલ હોવાનુ તેમજ ભરતભાઈ જીવાભાઈ ઓડેદરા તેઓની જ્ઞાતીના હોવાથી ઓળખતા હોવાનું સ્વીકારેલ છે. આમ, ફરીયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા એવી કોઈ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ પર આવતી નથી કે જેથી પુરવાર થાય કે આરોપીઓ જમીન હડપવાનો ઈરાદો ધરાવતા હતા અને તે બાબતે ફરીયાદીએ સંકલનનો પ્રશ્ન ઉઠાવતા સદર આરોપીના ગુનાહીત દુષ્પ્રેરણથી આરોપીઓએ તેઓની સામે ગુનાહીત કાવતરૂ રચેલ હતુ. વધુમાં સદર ફરીયાદીએ પોતાના પુરાવામાં તેઓના મોબાઈલ પર વીંજા રામદેનો ફોન આવેલ હોવાનું અને ફોનમાં જમીન બાબતે સંકલનમાં પ્રશ્ન ન કરવા કે વાતચીત ન કરવા જણાવેલ હોવાનું જણાવે છે. જયારે આંક–૯૫ થી રજુ થયેલ ફરીયાદ ધ્યાને લેતા ફરીયાદમાં ફરીયાદીએ ''તેઓના ભાઈ રણમલ ભીમાભાઈના મોબાઈલ પર વોટસએપના માધ્યમથી વોઈસ કલીપ આવેલ હોવાનું અને તે તેમના ભાઈએ સંભળાવતા સીડી બનાવેલ હોવાનુ અને આ કલીપમાં વીન્જા રામદે, ભરત જીવા અને રમેશ આલા નામની વ્યકિતઓ વાતચીત કરતા હોવાનું અને આ વાતચીતમાં આ ત્રણેય જણાનો મને મારી નાખવાનો ઈરાદો સ્પષ્ટ થતો હોવાનું તેમજ ભરતભાઈએ વીન્જાને દુષ્પ્રેરીત

કરી મને મારી નાખવા તૈયાર કરેલ હોવાનું સ્પષ્ટ થાય છે તેમ જણાવેલ છે.'' આમ, ફરીયાદીની ફરીયાદની હકીકતો ધ્યાને લેતા તથા પુરાવો ધ્યાને લેતા ફરીયાદીએ પોતાના પુરાવામાં તેઓના ભાઇના મોબાઇલ ફોન પર વોટસઅપ ના માધ્યમથી વોઇસ કલીપ આવેલ હોવાનું જણાવેલ નથી. હવે આ સંદર્ભમાં મહત્વના કહી શકાય તેવા સાહેદ કે જેઓ ફરીયાદીના ભાઈ થાય છે તેઓને ફરીયાદપક્ષ દવારા આ કામે આંક–૯૨ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાના પુરાવામાં બનાવ દસેક વર્ષ પહેલા બનેલ હોવાનું અને ઘણો સમય થતા બનાવની હકીકત ખબર નથી પરંતુ તેઓના મોટાભાઈને કોઈએ કહેલ હતું પરંતુ શું કહેલ અને કોણે કહેલ તે યાદ ન હોવાનું અને આરોપીઓને માત્ર નામથી ઓળખતા હોવાનું જણાવે છે. આમ, આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને અનુરુપ પુરાવો રજુ ન રાખતા એ.પી.પી.શ્રી ની મૌખીક વિનંતીથી તેઓને વિમુખ થયેલા જાહેર કરી ત્યારબાદ એ.પી.પી.શ્રી દવારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતા ફરીયાદની હકીકતોને લેશમાત્ર પુરાવો રજુ રાખેલ નથી. આમ, આ સાહેદના પુરાવાથી પણ આરોપીઓએ ગુનાહીત દુષ્પ્રેરણથી ફરીયાદીને મારી નાખવાનુ ગુનાહીત કાવતરુ રચેલ હોય તેવું પુરવાર થતું નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૯૭ થી તપાસવામા આવેલ સાહેદનો પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપીને ઓળખતા હોવાનું અને આ કામના ફરીયાદીને ઓળખતા ન હોવાનું તેમજ ફરીયાદીના મોબાઇલમાં કોઇ વોટસએપ કલીપ આવેલ હોય અને તેઓને વાંચી સંભળાવેલ હોય તેવું બનેલ ન હોવાનું તેમજ તેઓને વિન્જા રામદેનો ફોન આવેલો ન હોવાનું અને બનાવ સબંધે કાંઇ જાણતા ન હોવાનું જણાવે છે. તેમજ આરોપીપક્ષે ઉલટતપાસમાં પણ કાંઈ જાણતા ન હોવાનું તેમજ આરોપી તથા ફરીયાદીને ઓળતા ન હોવાનું જણાવેલ છે. આમ, આ સાહેદોના પુરાવાની હકીકતો ધ્યાને લેતા પણ એવી કોઇ હકીકત રેકર્ડ પર આવતી નથી કે જેથી પુરવાર થાય કે, આરોપીનં–૨ ના ગુનાહીત દુષ્પ્રેરણના કારણે સહઆરોપીઓએ ફરીયાદીને મારી નાખવાનુ ગુનાહીત કાવતરુ રચેલ હતુ. જેથી આ સાહેદનો પુરાવો પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતો નથી.

**૧૦.** આ કામે ફરીયાદપક્ષ દવારા આંક–૧૦૮ થી ત.ક.અ.ને તપાસવામાં

આવેલ છે. સદર ત.ક.અ.નો પુરાવો ધ્યાને લેતા પણ એવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી જેથી પુરવાર થાય કે આરોપીનં–૨ના દુષ્પ્રેરણથી આરોપીઓએ ફરીયાદીને મારી નાખવા ગુનાહીત કાવતરુ રચેલ હતું. ત.ક.અ. દવારા સદર કામે આંક–૧૦૯, આંક–૧૧૦ તથા આંક–૧૧૧ થી રજુ પંચનામાઓમાં પોતાની રૂબરૂ તરીકેની સહી ઓળખી બતાવેલ છે. તે સીવાય ફરીયાદની હકીકતને અનુરુપ કોઇ પુરાવો રજુ રાખેલ નથી. જયારે પોતાની ઉલટતપાસમાં ફરીયાદ ૯ દીવસ મોડી આપેલ હોવાનું અને ફરીયાદ શા કારણોસર મોડી આપવામાં આવેલી તેનો ખુલાસો ફરીયાદ કે તપાસમાં ખુલેલ નથી. તેમજ એ વાતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદી તાલુકા પંચાયત ના પ્રમુખ છે તે બાબતે કોઇ દસ્તાવજી પુરાવો કબ્જે લીધેલ નથી. તેમજ પરડવા ગામની સર્વે નં.૨૭૮ વાળિ જમીન બાબતે ફરીયાદી પાસે આવેલ અરજીઓ તપાસના કામે કબ્જે કરેલ નથી કે ફરીયાદી દવારા આપવામાં આવેલ નથી. તેમજ એ વાતનો સ્વીકાર કરેલ છે કે મો.નં.૯૬૩૮૦ ૨૭૯૧૯ તથા ૯૯૭૪૩ ૨૯૦૧૯ તથા ૭૪૦૫૫ ૩૫૨૫૫ અન્વયે મારી તપાસ દરમ્યાન આ મોબાઇલ નંબરના સીમકાર્ડ કંપનીના અધીકારીનું નીવેદન તથા ઉપરોકત નંબરના કોલ ડીટેલ તપાસના કામે કબ્જે કરેલ નથી. આમ તપાસ કરનાર અધીકારીના પુરાવાની હકીકત ધ્યાને લેતા પણ આંક–૯૫ થી રજુ થયેલ હકીકતને સર્મથન પ્રાપ્ત થતુ નથી. આ કામે ફરીયાદ પક્ષ દવારા કોઇ કોલ ડીટેલ રજુ રાખેલ નથી. કે ફરીયાદમાં જણાવ્યા મુજબની કોઇ વોઇસ કલીપ આ કામે રજુ રાખેલ નથી. વધુમાં ફરીયાદીએ પણ પોતાના પુરાવામાં ફોન નંબર જણાવેલ નથી. આ કામે અત્રે એ નોંધવુ જરૂરી છે કે, ફરીયાદ પક્ષ દવારા સદર કામે આંક–૧૭ થી અરજી લાવી ફરીયાદીની ફરીયાદ સાથે પુરાવા સબંધે રજુ રાખેલ સી.ડી. (ડીસ્ક) ની હેઝ વેલ્યુ કઢાવવા માટે સી.ડી એફ.એસ.એલ માં મોકલવા તથા સી.આર.પી.સી કલમ–૧૭૩(૮) અન્વયે વધુ તપાસ કરવા માટે અરજી આપેલ હોવાનુ રેકર્ડ જોતા ફલીત થાય છે પરંતુ સદર અરજી અન્વયે મારા પુરોગામીશ્રી દવારા અરજીમાં જણાવ્યા મુજબની સી.ડી. કોર્ટમાં રજુ કરવામાં આવેલ ન હોય તેવા અવલોકન સાથે ફરીયાદ પક્ષની અરજી રદ કરવામાં આવેલ હોવાનુ રેકર્ડ પર ના પુરાવાથી જણાય છે. અને સદર ના–મંજુર કરતા હુકમ સામે ફરીયાદ પક્ષ દવારા કોઇ અપીલ

રીવીઝન કરેલ હોય તેવુ રેકર્ડ પરના પુરાવાથી જણાતુ નથી. આમ ઉપર કરેલ ચર્ચા મુજબ એવી કોઇ વોઇસ કલીપ આ કામે રજુ થયેલ નથી કે, તેવી કોઇ વોઇસ કલીપ ને રેકર્ડ પર લાવી કાયદા મુજબ પુરવાર કરેલ હોય તેવુ રેકર્ડ જણાતુ નથી. વધુમાં ફરીયાદીના જણાવ્યા મુજબ પરડવા ગામની રે.સ.નં–૨૭૮ અન્વયે તેઓએ સંકલન સમીતીમાં પ્રશ્રન ઉઠાવેલ હોય તે હકીકતને સર્મથન કરતા કોઇ પુરાવાઓ રેકર્ડ પર આવેલ નથી તેમ છતા ફરીયાદીના પુરાવાની હકીકત ને માની લેવામાં આવે તો પણ પરડવા ગામના રે.સ.નં–૨૭૮ વાળિ જમીન હડપ કરવાનો ઇરાદો આ કામના આરોપીઓ ધરાવતા હતા તેવુ રેકર્ડ પરના પુરાવાથી પુરવાર કરી શકેલ નથી કે આ હકીકત ને સર્મથન કરતા અન્ય કોઇ પુરાવા પણ ફરીયાદ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. જેથી આ કામે આરોપીઓએ ષડયંત્ર કરેલ હતુ તેવુ પુરાવાના અભાવે ફરીયાદ પક્ષે પુરવાર કરેલ છે તેમ માની શકાય તેમ નથી. વધુમા આંક–૯૪ થી રજુ ફરીયાદીના પુરાવાની હકીકત ધ્યાને લેતા ફરીયાદીના જણાવ્યા મુજબ આરોપી વિંજા રામદેનાઓએ ફોનમાં જમીન બાબતે સંકલનમા પ્રશ્ન કરતા નહી તેમ જણાવેલ તે હકીકતને સર્મથન કરતા પણ કોઇ પુરાવા ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ આંક–૯૪ થી તપાસવામાં આવેલ ફરીયાદીના પુરાવાની હકીકતોને ધ્યાને લેતા આંક–૯૫ થી રજુ થયેલ ફરીયાદની હકીકતો શંકાથી પર પુરવાર થયેલ છે તેમ માની શકાય તેમ નથી. અત્રે એ નોંધવુ જરૂરી છે કે, કોઇ હકીકત પુરવાર કરવા માટે ફોજદારી કાયદામાં નીશ્ચીત સાહેદોની સંખયા નીચત કરવામાં આવેલ નથી. ભારતીય પુરાવા અધી. ની કલમ–૧૩૪ ની જોગવાઇઓ ધ્યાને લેતા તેમજ ફોજદારી કાયદા અનવયે પ્રસ્થાપીત થયેલા સીધ્ધાંતો ધ્યાને લેતા જો એકમાત્ર સાહેદનો પુરાવો વિશ્વસનીય સબળ,સચોટ અને ફરીયાદની હકીકત ને અનુરૂપ હોય તો એક માત્ર સાહેદના પુરાવાના આધારે આરોપીને દોષીત ઠરાવી શકાય, વધુમાં કોઇ કેસની હકીકતો પુરવાર કરવા માટે દરેક સમયે સર્મનથ કારી પુરાવો અનીર્વાય પણે ફરીયાદ પક્ષે રજુ કરવો પડે તેવો પણ કાયદામાં કોઇ નીયમ નથી. આ કામે આંક–૯૪ થી તપાસવામાં આવેલ ફરીયાદીએ મહદઅંશે ફરીયાદની હકીકતોને અનુરૂપ પુરાવો આપેલ છે. પરંતુ સદર ફરીયાદીનો પુરાવો સબળ, સચોટ અને વિશ્વસનીય જણાતો નથી તેમજ

સદર ફરીયાદીએ આંક–૯૫ થી રજુ થયેલ ફરીયાદની હકીકતો ને અનુરૂપ પુરાવો રજુ રાખેલ નથી તેમજ ઉપર કરેલ ચર્ચા મુજબ ફરીયાદીના પુરાવાની હકીકતોને અનુરૂપ કોઈ સર્મથાનકારી પુરાવો પણ રેકર્ડ પર આવેલ નથી. તેમજ આ કામે કોઈ કોલ ડીટેલ કે વોઈસ કલીપ ફરીયાદ પક્ષ દવારા રજુ રાખેલ નથી અને તે રજુ ન રાખવા પાછળનુ કોઈ વ્યાજબી કારણ પણ રેકર્ડ પર આવેલ નથી વધુમાં રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા આંક–૯૫ થી રજુ થયેલ ફરીયાદ ધ્યાને લેતા ફરીયાદીએ તા.૧૧/૬/૨૦૧૫ ના રોજ જામજોધપુર પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ હોવાનુ ફલીત થાય છે. અને સદર ગુનાની ફરીયાદ તા.૨૦/૦૬/૨૦૧૫ ના રોજ નોંધવામાં આવેલ છે તે સંદર્ભમાં આંક–૧૦૮ થી તપાસવામાં આવેલ તપાસ કરનાર અધીકારીએ ફરીયાદ મોડી આપવા બાબતે કોઈ ખુલાસો ફરીયાદ કે તપાસમાં ખુલેલ ન હોવાનુ સ્વીકારેલ છે જેથી પણ ફરીયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉપસ્થીત થાય છે. ત્યારે આ તબ્બકે **Kali Ram vs State Of Himachal Pradesh** 1973 (0) AIJEL-SC 13703 24 September, 1973 માં પારા-૨૫ માં નામ. સુપ્રીમ કોર્ટ દવારા પ્રસ્થાપીત કરેલ છે કે,It needs all the same to be re-emphasised that if a reasonable doubt arises regarding the guilt of the accused, the benefit of that cannot be withheld from the accused. હાલના કામે ઉપર કરેલ ચર્ચા મુજબ હાલના કામે આંક-૯૪ થી રજુ થયેલ ફરીયાદીના પુરાવા પરથી આરોપીઓ પર શંકા ઉદભવે છે પરંતુ શંકા કાનુનિ પુરાવાનું સ્થાન લઈ શકે નહી, ફરીયાદ પક્ષના કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો રહે છે, વધુમાં જો રેકર્ડ પરના પુરાવાથી એમ જણાય આવતું હોય કે આરોપીએ ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાય આવતું હોય કે આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા કહેવાતો ગુનો આરોપીઓએ ન પણ કરેલ હોય તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરેલ છે તેવું માની શકાય નહી. વધુમાં, એવો સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે કે સો ગુનેગારો ભલે છટકી જાય પણ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહી. આ સંદર્ભમાં નામ.સર્વોચ્ચ અદાલત દવારા Kailash gor v/s State of Assam (A.I.R 2012 sc page no. 786 ) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો દયાને લેતાં પારા- ૨૮ માં ઠરાવેલ છે કે, It is one

of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused `may have committed the offence' and `must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P.(2004) 10 SCC 699 and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Mahsrashtra and Ors.(2005) 5 SCC 294.To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors.(2011) 2 SCC 83 where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

**૧૧.** આ કામે ઉપર કરેલ ચર્ચા મુજબ આરોપી નં–૨ નાઓએ ફરીયાદીને મારી નાખવાનુ દુષ્પ્રેરણ કરેલ હોય અને તે દુષ્પ્રેરણ ના કારણે આરોપીઓએ ગુનાહીત કાવતરુ રચેલ હતુ તેવુ તેવુ ફરીયાદ પક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ નથી, આ કામે આરોપી નં–૧ તથા ૩ ની ગેરહાજરીમાં ફરીયાદ પક્ષ નો પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે. પરંતુ ફરીયાદ પક્ષનો પડેલ પુરાવો ધ્યાને લેતા ભવીષ્યમાં આરોપી નં–૧ થી ૩ દવારા હાજર રહી રેકર્ડ પરના પડેલ પુરાવાની હકીકતોનુ ખંડન કરવામાં ન આવે તો પણ પડેલ પુરાવાથી કેશના પરીણામમાં કોઈ ફરે પડે તેમ જણાતુ નથી, આમ આરોપીઓને સદર આક્ષેપીત ગુનાના કામે સંડોવણી પુરવાર કરતો સબળ, સચોટ અને કડીરૂપ શંકા રહીત પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય તેવા સંજોગોમાં આરોપીઓને તેમની સામેના આક્ષેપીત આઇ.પી.સી. કલમ–૧૨૦(બી), મુજબના ગુનામાં દોષીત ઠરાવી શકાય નહીં. તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે.

**૧૨.** આમ, ઉપરોકત સમગ્ર ચર્ચાના આધારે તા.૧૧/૦૬/૨૦૧૫ ના રોજ ૧૩:૦૦ વાગ્યા આસપાસ પરડવા ગામે આ કામના આરોપીઓએ

આ કામના ફરીયાદીને જાનથી મારી નાખવાનું કાવતરૂ રચી તે અંગેનું વોટસએપનું વોઇસ રેકોર્ડીંગ બનાવી આ કામના સાહેદ રણમલભાઇને મોબાઇલ ઉપર સેન્ડ કરી ઇ.પી.કો. કલમ–૧૨૦બી મુજબનો ગુનો કરેલ હોય તેવું શંકાથી પર પુરવાર થતું ન હોય તેવા સંજોગોમાં **મુદા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી મુદા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

(૧) આ કામના આરોપીઓ **(૧) વિન્જો ઉર્ફે વિજયભાઇ રામદેભાઇ મોઢવાડીયા** ઉ.વ.૨૭, ધંધો–ખેતીકામ, રહે. આદીત્યાણા ગામ, તા.રાણાવાવ, જી.પોરબંદર **(૨) ભરત જીવાભાઇ ઓડેદરા** ઉ.વ.૪૨, ધંધો–ખેતીકામ, રહે. ઇશ્વરીયા ગામ, તા. કલ્યાણપુર, જી.દેવભુમી દવારકા. **(૩)રમેશભાઇ આલાભાઇ કારાવદરા** ઉ.વ.૫૦, ધંધો–ખેતીકામ, રહે. સોઢાણા ગામ, તા.જી.પોરબંદર નાઓને સી.આર.પી.સી. કલમ– ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ – ૧૨૦(બી) મુજબ ના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામમાં જો કોઇ મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ હોય અને તે અન્વયે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો કાયમ રાખવો અન્યથા અપીલ સમય વિત્યે યોગ્ય ઈન્કવાયરી કરી માલીકની ખરાઇ કરી તેના હકસરના દાવેદારને આથી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે પ્રત્યેક આરોપીએ સી. આર. પી. સી. ની કલમ– ૪૩૭ (એ) મુજબ અપીલ સમયસુધીના રૂા.૧૫,૦૦૦/– (રૂપિયા પંદર હજાર પુરા/–) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામે સી.આર.પી.સી કલમ–૩૫૩ તથા નામ. ગુજરાત હાઈકોર્ટના શરદ જેઠાલાલ સાવલા ના ચુકાદાને અનુસરીને આરોપી નં–૧ થી ૩ ની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવામાં આવેલ છે.

હુકમ આજરોજ તા.૩૦, માહે એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– જામજોધપુર
તા. ૩૦–૦૪–૨૦૨૬

**(નરેશકુમાર રમેશભાઈ ગોહેલ)**
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામજોધપુર
જજ કોડ : જીજે – ૧૫૮૪

ડી.એચ.ચુડાસમા
ગુજ.સ્ટેનો